
એપ્રિલ–૨૦૧૩

અંક – ૪

# અરુણોદય




સંપાદકીય બોર્ડ

- આર.કે.દાસ
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

— HAD THAT CALL NOT BEEN CONNECTED.
— ABOUT DEATH THINKING OF DADAJI ( PANDURANG SHASTRI )
— આપણું જીવન અને આપણે
— મિત્રતા મનની ભૂખ
— ભુલાતી જતી ભારતીય સંસ્કૃતિ
— FREEDOM FROM FEAR
— સંચાલનમાં માનવીય અભિગમ

# HAD THAT CALL NOT BEEN CONNECTED.



R.K.DAS
General Maneger(P)

It was a late rainy evening during August 2006 at Talcher station. I and Swagat were waiting for the Puri-Ranchi, Tapaswini ex...press. The station was wearing a deserted look & we were still waiting for our third companion Shri Paresh Kumar Samantray. Our destination was Ahmedabad and purpose was to attend GMDC's interview. Paresh babu was unable to made up his mind. He was resident of Talcher, well set in his project and was aspiring to appear in MBA exams scheduled parallelly with GMDC interview. There was a train ticket in his name ,but he was still to decide to be or not to be. After pack up and before leaving for station Swagat rang him up at that time he was preparing for MBA and was still hesitant. Perhaps he was trying to express his dilemma but the phone was cut from this side. We were really desperate to have him with us. I cannot properly recall but perhaps the train was late and he did not turned up till last few minutes of the scheduled arrival. During those days Talcher railway station was not that crowded and we were following every vehicle with probing eyes in anticipation of his arrival. At last he reached with his baggage drenched in rain and rest is history. We three appeared and qualified in GMDC interview, resigned from Coal India Ltd. & boarded Puri Ahmedabad express to join GMDC.

Given an opportunity Paresh babu achieved many feats. Project Mada No Madh touched heights during his tenure. Mata-No-Madh was awarded National Safety award consecutively & he was adjudicated as best Manager more than once . P K Samantray was the name in my contact list which perhaps the most frequented contact no. by me. He was like an elder brother to me. Hours together we use to share our personal and professional thoughts. Trip to Dhanbad was really enchanting. But who knew it would be our last journey together. I can still remember on 12th October after the meeting with MD sir we all had our lunch at ICEM committee room. That was the last time I saw him.

On 15th October by 9.30 I got a call from Swagat of this mishap. It was really hard to believe. All hell cut loose. I don't know how I reached Bhavnagar .I had travelled thousands of Kilometers at a stretch but those five hour journey was perhaps the longest journey of my life.

We reached Bhavnagar by 4pm till time P.K.Samatray had turned to the body of Samantrysaheb. The body was still having a grace in its face. Then began the toughest phase to accompany Bhabhijee, Pooja and Purvi in traveling to Odisha. I and my family was really helpless in consoling Bhavijee. She was in sever shock and collapsing every now and then. There was a change over from International to domestic terminal at new Delhi. It was 10-12 kilometers away and travelling by shuttle bus was really difficult. Bhabhiji was not taking a sip of water she had lossed all her strength to walk by herself. Where as some people including the airline staff were very sensitive to us but few were callous in their remarks. A Gujarati elder impressed me when he volunteered his Chinese liquid balm for relief of Bhavijis commotion.

It is said that 'Ignorance is bliss'. Children's were blissfully ignorant that day. They were really ignorant to realize what means death. They were cheerful in airport lounge and I didn't dared to restrict them because I knew for sure that very difficult time is waiting them.

We reached Bhubaneshwar early in the morning and some relatives of Paresh babu was waiting us at airport arrival. Another wave of sock shrouded Bhabhiji when she found her near and dears, she became senseless once more. We reached Tachler by 12.00 O'clock.

I could not muster the courage to face Pareshbabu's mother. It was the second jolt to her life.12 years back she had lossed her husband in an accident. The body reached by 7.00pm. When fire engulfed the body at the cremation site I deleted the name P K Samantray from my contact list.

I am not that demonstrative in expressing my emotions. I use to treasure my sadness till long. While returning that night I was recalling the incident of Talcher station during that August 2006 evening .We cannot reverse the time, nobody can but in my wild thought I was imaginating had that call not been connected & had Pareshbabu not attended the GMDC interview then perhaps the fate would had been otherwise . But man proposes and god disposes, destiny is always destiny.

Rest in peace pareshbabu. Rest in peace.





બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

# ABOUT DEATH THINKING OF DADAJI ( PANDURANG SHASTRI )

મૃત્યુ શબ્દ સાંભળતા આપણને દુઃખ થાય છેઆપણને મૃત્યુ શબ્દભયંકર લાગે છે . ખરેખર તો મરણ જીવનની વાસ્તવિકતા છે. જન્મ અને મરણ એક સિકકાની બે બાજું છે આપણને સ્વજનના મૃત્યુથી દુઃખ થાય છે તે હકીકત છે.આમ જોવા જઈ તો મૃત્યુ છે તેથીજ જીવનનો આનંદ છે. જેનો જન્મ તેનું મૃત્યુ અને જેનું નામ એનો નાશ તે આપણને ખબર છે છતાં આપણને દુઃખ લાગે છે.તેનાં કારણ કદાચ બે હોય શકે

(૧) આપણને છોડીને ગયેલ ચહેરો ફરી જોવા મળતો નથી. (૨) ફરી એજ અવાજ સાંભળવા મળતો નથી

હવે આપણને મૃત્યુનું દુઃખ ઓછું થાય તેની વાત કરીએ. જુદાં જુદાં લોકોજુદું જુદું વિચારતાં હોય છે. [અ] જ્ઞાનીઓ કહે છે કે, જેમ શરીર એક વસ્ત્ર ઉતારીને નવું વસ્ત્ર ધારણ કરે છે તેમજીવ એક ખોળિયું છોડી નવું ખોળિયું ધારણ કરે છેજેમ આપણે જુના ફાટેલા કપડાં બદલાવીએ તેમ જીવ ખોળિયું બદલાવે તો તેમાં શોક શા માટે કરવો જોઈએ ?

આમ વ્યકિતનું વેષાંતરથાય તેમ વસ્તુનું રૂપાંતર થાયતેમ જ્ઞાનીઓ કહે છે દા.ત. કોલસામાંથી રાખ , બરફમાંથી પાણી તેમ એક શરીરમાંથી બીજું શરીર

[બ] ભક્તો કહે છે કે મૃત્યુ એટલે નાના બાળકનું માંનેમળવા જવું. માંથી વિખૂટોપડેલા બાલ ફરી માંને મળવા જાય તે કલ્પના ભવ્ય છે.મેળામાં ખોવાઈ ગયેલ બાળક પોતાની મમ્મીને મળે ત્યારે જે આનંદ મમ્મીને થાય તેટલો આનંદ જગદંબા માને થતો હશે.બાળક રમતાં રમતાં માને ભૂલી જાય, સમયનું ભાન ન રહે ત્યારે માં બાળકને હાથ પકડીને લઈ જાય અને કહે ચાલ જમવાનો સમય થયો જમી લે. હવે સૂઈ જા તેવી રીતે ઉપરવાળી બા બાળકને પોતાની પાસે સમય થાય ત્યારે બોલાવી લે.

આમ મરણ એટલે માં બાળકનું મિલન

[ક] કર્મયોગીઓ કહે છે કે, "મૃત્યુ એટલે કરેલાં કર્મનો હિસાબ આપવા પ્રભુ પાસે જવું .તે

આ અતિ સુંદર વિચાર છે શ્રીમદ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કે, "યોગભ્રષ્ઠ આત્મા પવિત્ર શ્રીમંતને ત્યાં જન્મ લે છે." ( અધ્યાય ૬ ,શ્લોક ૪૧ )

સમાપનમાં એટલું કહેવાય કે **REBIRTH IS A UNIVERSAL LAW**






# આપણું નિગમ અને આપણે

કુ. એન.બી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

માનવ સમાજનું અભિન્ન અંગ છે તેના પર પ્રકૃતિ , કુટુંબ , સમાજ અને રાષ્ટ્રના અનંત ઉપકારો છે. વ્યક્તિ જે ક્ષેત્ર કે એકમમાં  કામ કરતો હોય તે ક્ષેત્રકે એકમ પણ તેમાંથી બાકાત રહી શકે?

આપણે જે નિગમ (GMDC) માં કામ કરી રહ્યા છીએ તે નિગમ પૃથ્વીના પેટાળ માંથી ખનીજ કોલસાનું ઉત્ખનન કરી કમાણી કરે છે. કહેવાતો કાળો કોલસો  આપણાં  સૌ કર્મચારીઓના જીવન ઊજળા કરી રહ્યો છે.

મૂક ભૂમિ માનવને અમૂલ્ય સંપતિ આપતી રહેલી ભૂમિમાં  આપણને સહનશીલતા અને દાતૃત્વ નો ગુણ જોવા મળે છે.

કચ્છની ઉન્નતિ અને આબાદીમાં પાનન્ધ્રો ખાણ અને  લિગ્નાઇટ આધારિત વીજમથકે મહત્વનું યોગદાન આપીને કંઇ કેટલાય લોકોને આજદિન સુધી રોજગારી પૂરી પાડી છે ૨૩ મી નવેમ્બર ૧૯૭૯ના રોજ  જેની પાયાવિધિ થઇ હતી તેવા લિગ્નાઇટ વિધુત મથકે  કચ્છની ધરતી પર જાણે નવા યુગના મંડાણ કર્યા

પાનન્ધ્રો વીજ મથક ગુજરાતનું પ્રથમ નંબરનું તેમજ ભારતમાં બીજા નંબરપર હોવાનું ગૌરવ ધરાવે છે તો તેવા નિગમના આપણે કર્મચારી હોઇએ તે વાત શું આપણા બધા માટે ગૌરવ પૂર્ણ નથી લાગતી? વિશ્વના ફલક પર જેનું નામ છે તે GMDC જાણે ખરા અર્થમાં -

**G – Growth**
**M – Motivation**
**D – Dynamic**
**C – Co – operative**  બની છે.

કામ કરતાં નિગમના તમામ કર્મચારીને નિગમ પોતાનું લાગવું જોઇએ  નિગમનાં નફામાં થતો વધારો એ તમામ કર્મચારીઓનાં પ્રયત્નોનું  પરિણામ છે ધારોકે આપણી પોતાની પ્રાઇવેટ કંપની હોય તો આપણે કેટલું બધું ધ્યાન દઇને , ઓતપ્રોત થઇને કામ કરીએ છીએ કારણકે આપણને ખબર હોય છે કે જો થોડી પણ ઢીલાશ કે બેદરકારીની અસર કંપનીના નફા પર પડવાની છે.

દીકરો જો શ્રેષ્ઠ  કામ કરેતો બાપાની  છાતી ગજગજ  ફુલે ગામમાં તેની વાહવાહ  થાય  નિગમના સૌ કર્મચારીઓ જ્યારે તન, મન  થી કામ કરે છે. ત્યારેજ તો આ નિગમ ગુજરાતનું સવાયુ એકમ સાબિત થયા વગર કે રહે તંદુરસ્ત વિચારસરણી જ નિગમને ટોચની સિધ્ધિ સુધી પહોંચાડી શકે

નાનામાં નાના કર્મચારીથી  માંડીને મોટામાં મોટા કર્મચારીનું શ્રેષ્ઠ પ્રદાન હોવું એટલુંજ આવશ્યક છેનાનો માણસ પણ મોટું કામ કરી યશ અપાવતો હોય છે.

નિગમની ખરી મિલકત જોડાયેલા તમામ કર્મચારીઓ છે. આપણામાં કરેલું રોકાણ શ્રેષ્ઠ રોકાણ પુરવાર થાયતે આપણે સૌએ જોવાનું છે

**Always put people first, for without them , there is no organization.**

'ઝાઝા હાથ રળિયામણા'  કહેવતની માફક ચાલો આપણે સૌ નિગમના સુરક્ષા કવચ હેઠળ રહીને નિગમના શ્રેષ્ઠ ધ્યેયની સિધ્ધિમાં આપણાં  કર્મચારીને વધુ વેગમાન બનાવીએ



# મિત્રતા મનનો ગુણ



એસ.જે. મહેતા
ઈ. આચાર્ય

જીવનમાં સૌથી મહત્વની બાબત છે – પોતાની દ્રષ્ટિને બદલવી.પરિસ્થિતિ ન બદલી શકાય તેમ હોય ત્યારે માણસે પોતાની દ્રષ્ટિ બદલવી જોઇએ. દ્રષ્ટિ બદલાશે તો ગમે તેવી પરિસ્થિતિને સવળી રીતે જોઇ શકશો. મૈત્રીની નજરથી જોશો તો કોઇ તમને દુશ્મન કે ખરાબ નહિ લાગે. ઉલટાનું તમારી મૈત્રીની દ્રષ્ટિ શત્રુનું હૃદયપરિવર્તન કરી નાખશે.. જીવ કેમ મૈત્રી નથી કરી શકતો ? તેની પાછળ ત્રણ કારણ છે.

(૧) સ્વાર્થવૃતિ (૨) ક્રોધવૃતિ (૩)વેરવૃતિ

**(૧) સ્વાર્થવૃતિ**-સ્વાર્થી વ્યક્તિ મૈત્રી નહિ કરી શકે. સ્વાર્થી વ્યક્તિ દરેક સંબંધમાં પોતાનો સ્વાર્થ જ જોતો હોય છે અહિયા જ મૈત્રી અને મિત્રતા શબ્દોમાં ફરક પડે છે. મિત્રતામાં સ્વાર્થ છે અને મૈત્રીમાં પરમાર્થ છે એક મારા સંબંધીએ મને કહ્યું પેલી વ્યક્તિ સાથે સંબંધ રાખજો એ બહુ કામનો માણસ છેકામનો હોય તો મિત્રતા રાખવી આ સ્વાર્થ છે. જો એ વ્યક્તિથી મારો સ્વાર્થ પુરો ન થયો એટલે એ મને દુશ્મન લાગશે. મૈત્રી એટલે એ મને કામ આવશે એ ભાવ નહિ પણ હું એને કેવી રીતે કામ આવું આ ભાવ હોય છે મૈત્રીના પાયામાં બીજાનું હિત છે અને મિત્રતાના પાયામાં પોતાનું હિત છે. મૈત્રી આત્માનો ગુણ છે અને મિત્રતા મનનો ગુણ છે મન પોતે જ ચંચળ છે એટલે એની સાથે એની સાથે ટકેલી મિત્રતા પણ ચંચળ છે. આત્મા સ્થાયી છે એટલે એની સાથે જોડાયેલી મૈત્રી સ્થાયી છે. માટે મૈત્રીભાવ વધારવો હોય તો આપવાની ભાવના રાખો. સ્વાર્થી માણસની મિત્રતામાં શત્રુતાની ગંધ આવે છે

**(૨) ક્રોધવૃતિ**-મૈત્રી માટે બીજુ બાધક તત્વ છે- ક્રોધવૃતિ ક્રોધી માણસ મૈત્રી નહિ નિભાવી શકે. ક્રોધ આવે જ એટલે છે કે મારા ધાર્યા પ્રમાણે ન થયું તમારો સ્વાર્થ સિધ્ધ ન થયો એટલે જ તમને એના પર ગુસ્સો આવ્યો ને ! આ ક્રોધની રમતને સમજવાની જરૂર છે. આપણે ક્રોધ કરતી વખતે પહેલી ભુલ એ કરીએ છીએ કે કોઇએ કાંઇક ખરાબ કર્યું એટલે ક્રોધનો ટાર્ગેટ વ્યક્તિને બનાવીએ છીએ એની ભૂલને નહિં ભૂલ પર ધ્યાન આપવાને બદલે આપણે વ્યક્તિને દોષિત ઠહેરાવીએ છીએ બીજી ભૂલ એ કરીએ છીએ કે ક્રોધ વખતે એ વ્યક્તિની જુની ભૂલો પણ ઉખેડીએ છીએત્રીજી ભૂલ એ કે આપણે સમસ્યાનું સમાધાન કરવાને બદલે પ્રોબ્લેમમાં રસ વધુ લઇએ છીએચોથી ભૂલ એ કરીએ છીએ કે ક્રોધ વખતે જ આપણે તેને સુધારવાની કોશિશ કરીએ છીએ ક્રોધ વખતે કંઇ પણ કહેશો એ નહિ સાંભળે મારે માટે સમજદારી એમાં છે કે કે જેના કારણે ક્રોધ આવ્યો એ કારણનું સમાધાન કરી આગળ વધો ક્રોધ વખતે ત્રણ ખતરનાક નુકશાન થાય છે

(૧) વિવેકભંગ (૨) શાંતિભંગ (૩) પરદોષદર્શન

**(૩) વેરવૃતિ**- અણગમો જ્યારે વ્યક્તિ આવેશરૂપે પ્રગટ કરે છે ત્યારે એ ક્રોધ બને અને અણગમો જ્યારે વ્યકત થયા વિના ભીતર પડયો રહે છે ત્યારે એ વેર બને છે. ક્રોધ તો ખરાબ છે જ. વેર એથી પણ વધુ ખતરનાક છે ક્રોધ મન સાથે સંકળાયેલો આવેશ છે વેર એ ભાવ સાથે જોડાયેલો આવેશ છે. ક્રોધ ક્ષણિક છે વેર સ્થાયી છે અને લાંબા સમય સુધી જગતને બરબાદ કરે છે. ક્રોધ એક જન્મને બગાડે છે જ્યારે વેર જન્મો સુધી નુકશાન કરે છે વેરભાવ જાગે તો ત્રણ વાતોનું ધ્યાન રાખવું

(૧) ધ્યાન પોતાનામાં કેન્દ્રિત કરો, પોતાની ભૂલ જુઓજેના પર પ્રત્યે વેર છે એના પર નહિ. (૨) આ વેર રાખવામાં મારી ભૂલ કેટલી છે અને (૩) એ વેર મારું કેટલુ નુકશાન કરે છે વેરભાવથી બચવાની ચાવી છે ક્ષમાભાવ. જેની સાથે મનદુઃખ થયું હોય તેને ક્ષમા કરીને અથવા ક્ષમા માંગીને હિસાબ ચોખ્ખો કરી લો ક્ષમા માંગવી શ્રેષ્ઠ છે જ , એથી પણ મોટી મહાનતા ક્ષમા આપવી તે છે. તેથી જ તો શાસ્ત્રોમાં મૈત્રી બે પ્રકારની બતાવી છે.

## (૧) સાધક મૈત્રી અને (૨) સિધ્ધ મૈત્રી

આ સિવાય સામાન્ય મૈત્રીના પાંચ પ્રકાર છે.

(૧) **ઉપકાર મૈત્રી**- ઉપકારી પ્રત્યે જ્યારે પ્રેમ વહે છે, ઉપકારીની કડવી વાતને પણ હિતકારી સમજી ગ્રહણ કરવી અને તેમની ભાવથી સેવા કરવી તે

(૨) **અપકાર મૈત્રી**- કોઇએ નુકશાન કર્યું હોય તેને ક્ષમા આપી ભૂલી જવું તે

(૩) **સ્વજન મૈત્રી**-જે મારા પરિવારના છે એમના પ્રત્યે ઉદારતાનો ભાવ રાખી એમની ત્રુટીઓને નજરઅંદાજ કરવી તે

(૪) **સાધાર્મિક મૈત્રી**- ધર્મયુકત આત્મા પ્રત્યે કયારેક કંઇક ખરાબ કરે તો મોટુ મન રાખી તેને માફ કરી દેવો.

(૫) **સર્વ મૈત્રી**- સુક્ષ્મમાં સુક્ષ્મ જીવ પ્રત્યે હિંસા વૃતિ ન જાગે તે



# ભૂલાતી જતી ભારતીય સંસ્કૃતિ

રેખાબેન જે. ચાચું
માધ્યમિક શિક્ષક

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ છે ભારતની ભાતીગળ સંસ્કૃતિ એ આપણી ઓળખ છે ભારતીય સંસ્કૃતિ સમૃધ્ધ છે પરંતુ પશ્ચિમની સંસ્કૃતિના વાવાઝોડાંએ આપણી આધુનિક પેઢી પર એવીતો અસર કરી છેકે આપણી સંસ્કૃતિ ધીમે ધીમે ભૂંસાતી જાયછે આધુનિક પેઢીને પશ્ચિમની સંસ્કૃતિની ઘેલછા લાગીછે વસંતપંચમીનું શું મહત્વછે એ આપણને ખબર હોતી નથી પણ ૧૪ફેબ્રુઆરીએ શું હોયછે તો તરત જ જવાબ મળશે velentineday. પશ્ચિમની સંસ્કૃતિમાંથી પણ ઘણું સ્વીકારવા જેવુ છે જે આપણે સ્વીકારતા નથી જેમકે એમના વિચારો, ખુલ્લું મન કાર્યપધ્ધતી, કડક રીતે કાયદાનું પાલન કામ પ્રત્યેની વફાદારી, વિચારોની આધુનિકતા પણ એમની રીતભાત, પોશાક, બાહ્ય વર્તન અપનાવીને આપણે modern છીએ એમ બતાવીએ છીએ. ખરેખર આધુનીક બનવા માટે આપણા વિચારોને આધુનિક બનાવવાની જરૂર છે આપણી સંસ્કૃતિને ભૂલીને આપણે આધુનિક નથી બની જતા. દિવાળીમાં એકબીજાના ઘેર જઈ નવાવર્ષની શુભેચ્છા પાઠવવી એ આપણી જુની પરંપરા છે આ પરંપરા ભુલાતી જાય છે પણ ૩૧મી Decemberની રાત્રે ૧૨ વાગ્યે નશો કરી ખુલ્લી સાડકો પર પાર્ટીઓ કરવી એને આપણે status માનીએ છીએ. અંગ્રેજી ભાષા શીખવી એ વર્તમાન સમયની જરૂરિયાતછે પણ એ આપણી માતૃભાષાના ભોગે નહિ બાળક અંગ્રેજી બોલતા શીખે એ જરૂરી છે એમાટે બાળકને english medeumમાં ભણાવવા એ જરૂરીછે. પણ આપણી સંસ્કૃતિ શીખવવી એ સંસકારછે. ગાયને અંગ્રેજીમાં cow કહેવાય એ બાળક શીખે એ જરૂરીછે પણ ગાયને ગાય નહિ બોલવાનું cow જ કહેવાનું એ આગ્રહ ખોટોછે. બાળક મમ્મી અને પપ્પા કહે એ આપણને ગમતુ નથી એ mom અને dad કહે એમાં આપણે ગર્વ અનુભવીએ છીએ. બાળક englishમાં story વાંચે એ આપણને ગમે પણ ગુજરાતી માં વાર્તા વાંચે એ આપણને ન ગમે અને પછી કહીએ છીએ કે ભારતમાં વૃધ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે. પણ એ બાળક ગુજરાતીમાં શ્રવણની વાર્તા વાંચશે ત્યારે એ બાળક ઘરડા માબાપ ની સેવા કરવાના પાઠ શીખશે. પશ્ચિમની સંસ્કૃતિના અનુકરણથી બાળક સંસ્કાર નહિ શીખે એ માટે તો ભારતીય સંસ્કૃતિ શીખવવી જ રહી.

# FREEDOM FROM FEAR



Bina D. Bhatt
Sec. School Teacher

It is believed that life on earth began with the most primitive type of living organism like Prokaryotes. Slowly evolution took place and Eukaryotes came into being. Then slowly and gradually the organism became complex and complex. Finally, the most complicated organism came into being and that is ___ THE MAN ( HUMAN BEING). He has well developed nervous system. He has brain. He learnt to live life from nomadic to civilized life.

Now, the question that comes to my mind is –What led man to create GOD? From where the religion came into being? It is not accurately known. However, many historians believe that the need to worship and believe in a GOD must have originated in the mind of our ancestors due to the feeling of fear. MAN had no knowledge of the world around him. He believed that every natural phenomenon was regulated by some unknown force, something unexplainable and beyond understanding. So, for early human beings the need to please this unknown power must have arisen. Religion might had originated to give oneself the feeling of security in the insecured world.

Then, slowly man used some symbols to express or show a feeling of control over his surroundings. He used some motifs of animals and plants to bow down to this super power which is still found in some caves. Symbols were used to indicate or represent something and they have been used in religion since ancient time.

In this way ,religion and gods perhaps took shape to provide security to humans who were fearful of unknown. Some religious traditions and beliefs were transferred orally whereas some got transferred in the form of art, tales, stories ,writings ,etc.


The art of writing is to express ourselves, but for that, again we have to be totally free from fear. When we talk about freedom from fear, freedom from fear is sometimes an idea and not an actuality. We all live with one or the other fear. Let us put aside all theoretical, ideological, psychologically concepts of freedom from various fear. Can we inquire whether our minds can ever be actually free, free from dependence, free from fear, anxiety, and free from the innumerable problems, both the conscious as well as those at the deeper layers of the unconscious. Can there be complete psychological freedom to escape from the actual realities of daily existence?

YES, the only way to come out of this fear is to be disciplined. Freedom, learning and discipline go together. One cannot learn about oneself unless one is free, free so that one can observe, not according to any pattern, formula or concept, but actually observe oneself as one is. That observation brings about his own discipline and learning and in that there is a great beauty. One

*should try to handle one's own energy wisely. To make this place heaven, one should live daily lives with sacrifices and services.*

*So, go for it now. Be free from every fear by praying* GOD. GOD SAYS--- THINK OF ME AT THE TIME YOU FEEL DOWN AND IN THE TIMES WHEN YOU ARE HAPPY. DO YOUR JOB GIVEN BY ME WITH FULL DEDICATION, DETERMINATION AND DEVOTION.HAVE FAITH, I AM WITH YOU. The GOD( UNKNOWN POWER) ***has not promised to anyone to see tomorrow.***





# સંચાલનમાં માનવીય અભિગમ


પી.બી. પ્રજાપતી
ઉચ્ચ માધ્યમિક શિક્ષક


વિશ્વમાં ચાલતી કોઇપણ સંસ્થા , નિગમ , પેઢી  કે એકમ તરફ નજર કરીએતો તે દરેક જગ્યાએ સંચાલનમાં  કામ કરતા માનવતત્વના અચૂક દર્શન થાય

સંચાલન એ જીવંત પ્રક્રિયા છે સંચાલન અને માનવીયતત્વ બંને એકબીજાના પૂરક છે

એકમ કે સંસ્થામાં કામ કરતો કર્મચારીગણ એ કોઇપણ એકમની કરોડરજ્જુ છે.  જે એકમને કોઇપણ પરિસ્થિતિમાં એકબંધ અને ટક્કર રાખે છે સંસ્થાનું ચાલકબળ માનવતત્વ છે

કોઇપણ ક્ષેત્રમાં એકમ કે સંસ્થા પાસે શ્રેષ્ઠ વ્યુરચના , સાધનો હોય પરંતુ શ્રેષ્ઠ માનવીયતત્વ જો ન હોયતો તે બધું વ્યર્થ છે

માનવીય અભિગમને ધ્યાનમાં રાખી ચાલતા ક્ષેત્રો સિધ્ધિના સોપાનો સર કરી લે છે. માનવીય વિચારો, લાગણીઓ , પ્રશ્નો વગેરેનો વિચાર કરતું એકમ વિશેષ ઝડપે વિકાસ સાધી શકે છે

લોર્ડ કાર્નેગી નામના સંચાલન શાસ્ત્રી તો ત્યાં સુધી કહે છે કે તમે ભલે અમારા કારખાનાં , કર્મચારીને . અમારી પાસે રહેવાદો. એમના થકી ફરી બધું અમે પાછું મેળવી શકીશું. અહીં એ માનવીય અભિગમના જ આપણને દર્શન થાય છે.

નીતિ , નિયમો , વ્યુરચનાઓ વગેરે માનવીય અભિગમને અવગણીને ઘડી શકાય નહિ. માનવીય પાસાનો વિચાર કરવોજ રહયો. એકમમાં કામ કરતાં કર્મચારીને જો યોગ્ય તાલીમ , પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેતો તેની જબરજસ્ત કાર્યશક્તિનો લાભ સંસ્થાને અચૂક મળે છે

" Great vision without Great PEOPLE is irrelevant "

ટીમવર્કથી જ સંસ્થા કે એકમ વિકસી શકે છે. ટાટા , રિલાયન્સ , અદાણી જેવા એકમોમાં માનવીય અભિગમનો અભ્યાસ થાય છે તેથી જ તેઓ આજે સફળ સંચાલન કરી રહ્યા છે.

" Man Power is Big Power "

માનવીય અભિગમ અપનાવ્યા વગર ચાલતા એકમોનું આયુષ્ય લાંબુ ન હોઇ શકે કાં તો પછી તેમાં યાંત્રિકતા , નિરસતા , પ્રવેશવાનું મોટું ભયસ્થાન રહેલું છે

માટે જ સફળ એકમોનો મંત્ર જો કોઇ હોયતો તે છે માનવીય અભિગમ . કારણ માનવ જ નાના થી મોટા એકમનું સંચાલન કરે છે મુખ્ય કેન્દ્ર બિંદુ તરીકે જે સંસ્થા 'માનવ' ને રાખે છે તે એકમને ક્યારેય પીછેહઠ કરવાનો  વારો નથી આવતો.

માટે જ કહેવાયું છે ને કે " મનુષ્ય તું બડા મહાન હૈ" .  હકારાત્મક માનવીય અભિગમ નો દષ્ટિકોણ જ એકમને સફળતા તરફ લઇ જશે.

કમ્પ્યુટર મગજ ધરાવતો માનવ આજે જ્યારે કમ્પ્યુટર બનાવતો થયો છે ત્યારે માનવના સુક્ષ્મમાં સુક્ષ્મ પાસાંનો જો કોઇપણ સંસ્થા કે એકમ વિચાર કરેતો મને નથી લાગતું કે તે સંસ્થા કે એકમને શ્રેષ્ઠ સિધ્ધિ અપાવતા કોઇ રોકી શકે .